# સીટી સીવીલ એન્ડ સેશન્સ કોર્ટ
# ટેન્ડર નોટીસ
# કેન્ટીનનો લાયસન્સ ફી થી કોન્ટ્રાક્ટ આપવા બાબત

સીટી સીવીલ એન્ડ સેશન્સ કોર્ટની નવનિર્મીત કોર્ટ બીલ્ડીંગના કંપાઉન્ડમાં કેન્ટીન ચલાવવા માટેનો કોન્ટ્રાક્ટ માસીક લાયસન્સ ફી થી ટેન્ડર મંજુર થયા તારીખથી ૧ (એક) વર્ષ સુધી આપવાનો છે.

સદર કેન્ટીનરૂમ માટેની મુકરર કરેલ જગ્યાની માસીક લાયસન્સ ફી રૂ. ૬૩,૬૦૦/-(અંકે રૂપીયા ત્રેસઠ હજાર છસો પુરા ) કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, અમદાવાદ દ્વારા નક્કી કરવામાં આવેલ છે.

આ અંગે રસ ધરાવનાર એજન્સીએ કોટેશન બંધ કવરમાં અત્રેની કોર્ટના નાઝર વિભાગમાં જાહેરાત પ્રસિધ્ધ થયાની તારીખથી સાત દિવસની અંદર બપોરના ૦૪-૦૦ કલાક સુધીમાં મોકલવાના રહેશે. ત્યારબાદ આવેલ ભાવપત્રક ધ્યાને લેવામાં આવશે નહી, તથા કવર પર **"કેન્ટીનનું ભાવ પત્રક"** એમ અવશ્ય જણાવવુ. તથા ટેન્ડર ફી પેટે રૂ. ૧૫૦૦/-(નોન રીફંડેબલ) અત્રેના નાઝર વિભાગમાં જમા કરાવવાની રહેશે. જે ટેન્ડર ફીની પહોંચની કેન્ટીન કોપી કવર સાથે લગાવવી. તમામ વસ્તુઓના ભાવો ટેક્ષ સહીતના તથા જરુરી મટીરીયલ સાથેના દર્શાવવા.

સદર જાહેરાત અન્વયે પુછપરછ, કેન્ટીનની જગ્યા જોવા માટે તથા જાહેર નિવિદાની શરતોની જાણકારી માટે અત્રેની કચેરીના નાઝર વિભાગ ખાતે રજાના દિવસો સિવાય કચેરી સમયમાં સંપર્ક કરવાનો રહેશે. ભાવ પત્રક મંજુર રાખવુ કે ન રાખવુ તે અંગેનો અબાધિત અધિકાર અત્રેની કચેરીને રહેશે.

## ::- શરતો -::

૧ કેન્ટીનના કોન્ટ્રાક્ટનો સમયગાળો ટેન્ડર મંજુર થયા તારીખથી ૧ (એક) વર્ષ સુધીનો રહેશે.

૨ કેન્ટીન રૂમ ની માસિક લાયસન્સ ફી રૂ. ૬૩,૬૦૦/- (અંકે રૂપીયા ત્રેસઠ હજાર છસો પુરા) રહેશે.

૩ કેન્ટીન રૂમ ની એક વર્ષની સિક્યુરીટી ડિપોઝીટ તરીકે રૂ. ૫૦૦૦૦/- (અંકે રૂપીયા પચાસ હજાર પુરા) કોન્ટ્રાક્ટરે કોન્ટ્રાક્ટનો હુકમ મળ્યેથી દિન-૧૫ માં અત્રેની કચેરીમાં જમા કરાવવાની રહેશે. સદર રકમ કોન્ટ્રાક્ટ સંતોષકારક રીતે પુરો થયા બાદ પરત આપવામાં આવશે. જો કેન્ટીન રૂમના કોન્ટ્રાકટર તરફથી કચેરી તરફે કોઈ નુકશાન થાય તો કચેરી નક્કી કરે તેટલી નુકશાનીની રકમ સીક્યુરીટી ડીપોઝીટની રકમમાંથી જે તે સમયે વસુલ લેવામાં આવશે. વધુમાં સિક્યુરીટી ડિપોઝીટ અને માસિક ભાડાની રકમમાં વધારો-ઘટાડો કરવાનો અબાધિત હક્ક અત્રેની કચેરીના પ્રિન્સીપાલ જજ સાહેબશ્રીને રહેશે.

૪ કેન્ટીન રૂમ ના કોન્ટ્રાક્ટરે માસિક લાયસન્સ ફીની રકમ દરેક માસની પાંચ તારીખ સુધીમાં નિયમીત રીતે અત્રેની કચેરીમાં જમા કરાવવાની રહે, જો લાયસન્સ ફી નિયત સમયમાં જમાં કરાવવામાં ન આવે તો પ્રતિદીન રૂ. ૫૦-૦૦ લેખે લેઈટ ફી સાથે લાયસન્સ ફી જમા કરાવવાની રહેશે.

૫ જો કોન્ટ્રાકટર સતત બે માસ સુધી લાયસન્સ ફી જમા કરાવવામાં નિષ્ફળ રહે તો તેવા સંજોગોમાં કોઈ પણ પ્રકારની નોટીસ આપ્યા સિવાય કોન્ટ્રાક્ટરનું લાયસન્સ રદ કરવામાં આવશે.

૬ ઉપર જણાવ્યા પ્રમાણેની માસીક લાયસન્સ ફીમાં વેરાબીલ/લાઇટબીલ વિગેરેનો સમાવેશ થતો નથી.

૭ કેન્ટીનરૂમ માટે ટોરેન્ટ પાવરના સર્વીસ નં ૪૦૨૪૬૬નું મીટર છે, જે કેન્ટીનની બહાર આવેલ છે, જે સર્વીસ નંબર ૪૦૨૪૬૬ના ઈલેક્ટ્રીક વીજ બીલની સંપુર્ણ રકમ કોન્ટ્રાકટરે ચુકવવાની રહેશે. .

૮ કેન્ટીન રૂમ ને લગતા અમદાવાદ મ્યુની. કોર્પો. ના આખા નાણાંકીય વર્ષના જે કોઈ વેરા આવે તે કોન્ટ્રાક્ટરે ભરવાના રહેશે અને વેરા બીલ તથા વેરા બીલ ભર્યા અંગેની રસીદની કેન્ટીન કોપી અત્રેની કચેરીમાં જમા કરાવવાની રહેશે.

૯ જો કોન્ટ્રાકટર કોન્ટ્રાક્ટ રીન્યુ કરાવવા ઈચ્છતા હોય તો કોન્ટ્રાક્ટ પુરો થયા ના બે મહીના અગાઉ અરજી કરવાની રહેશે અને પ્રીન્સીપલ જજ સાહેબશ્રી ઈચ્છે તો કોન્ટ્રાક્ટ વધુ સમય માટે રીન્યુ કરી શકશે.

૧૦ કોન્ટ્રક્ટ દ્ધારા સદર કોન્ટ્રાક્ટનો કોઈપણ ભાગ કે પુરો કોન્ટ્રાક્ટ કોઈપણ ત્રાહીત વ્યક્તિ, શખ્સ કે સંસ્થાને પેટા હક્કથી આપી શકાશે નહી.

૧૧ કોન્ટ્રાક્ટર સદર જગ્યાનો કેન્ટીન સિવાય અન્ય કોઇ હેતુ માટે ઉપયોગ કરી શકશે નહી, તેમજ સદર જગ્યામાં કોન્ટ્રાક્ટર અન્ય કોઇ પણ પ્રકારની ચીજ કે અન્ય કોઈપણ વસ્તુનું વેચાણ કરી શકશે નહિ.

૧૨ કોન્ટ્રાકટરે કેન્ટીન રૂમની જગ્યામાં લગાવવામાં આવેલ બારી, બારણાં, લાઇટ-પંખા કે કેન્ટીન રૂમ ની સ્થળ-સ્થિતીમાં કોન્ટ્રાક્ટરે કોઇપણ પ્રકારનો ફેરફાર કરી શકશે નહી. કેન્ટીન રૂમમાં કોઇપણ પ્રકારનો ફેરફાર કરવાની જરૂરીયાત ઉપસ્થિત થાય તેવા સંજોગોમાં અત્રેની કચેરીના નામદાર પ્રિન્સીપાલ જજ સાહેબશ્રીની પુર્વ પરવાનગી વિના કરી શકાશે નહી.

૧૩ કેન્ટીન રૂમ માટે ફાળવવામાં આવેલ જગ્યાની નિભાવણી કરવાની તમામ જવાબદાર કોન્ટ્રાક્ટરની રહેશે.

૧૪ કોન્ટ્રાકટરે કોર્ટ બિલ્ડીંગમાં કેન્ટીન રૂમ ચલાવવા માટે કાયદા મુજબ જે સરકારી/અર્ધસરકારી કચેરીના લાયસન્સની જરૂર હોય તેવા લાયસન્સ મેળવવા માટેની સબંધિત કચેરીઓમાં જાતે કાર્યવાહી કરી જરૂરી લાયસન્સ તાકીદે મેળવી લેવાના રહેશે.

૧૫ નવ નિર્મીત કોર્ટ બિલ્ડીંગને અનુરૂપ સારી ગુણવત્તાવાળા કેન્ટીન રૂમને લગતા તમામ સાધનો તથા ફર્નિચર અંગેની સગવડ કોન્ટ્રાકટરે સ્વખર્ચે કરવાની રહેશે.

૧૬ કેન્ટીન રૂમમાં વસ્તુઓ પહોંચાડવા માટેના વાહનોને ખાસ સંજોગો કે કારણો સિવાય કચેરી સમયમાં જાહેર જનતાને તકલીફ થાય તે રીતે આવવા જવા દેવામાં કે ઉભા રાખવા દેવામાં આવશે નહી.

૧૭ બાળમજુર પ્રતિબંધક ધારા કે બીજા કોઇ પણ કાયદાનો ભંગ થાય તેવુ કોઇ કૃત્ય કોન્ટ્રાકટ્રે કરવું નહી.

૧૮ કેન્ટીનમાં બનાવવામાં આવતી તમામ વાનગી શુધ્ધ તથા શાકાહારી અને સાત્વિક બનાવી આપવાની રહેશે. કેન્ટીનમાં કાયદાથી પ્રતિબંધિત કોઈપણ ચીજવસ્તુઓ વેચી શકાશે નહી તથા અખાધ ચીજવસ્તુઓ રાખવી તથા વેચી શકાશે નહી. કેન્ટીનમાં પાન-મસાલા, બીડી, સીગરેટ, ગુટખા, મસાલા ઈત્યાદી કોઈપણ ચીજવસ્તુઓ વેચી શકાશે નહી.

૧૯ કેન્ટીનમાં કઈ-કઈ વસ્તુઓ બનાવી શકાશે, વેચી શકાશે કે પીરસી શકાશે અને કયા ભાવથી અને કેટલી લધુત્તમ માત્રામાં વેચી શકાશે તે તમામ અંગે ટેન્ડર ખુલવાના સમયે પ્રિન્સીપાલ જજ સાહેબશ્રી અને ટેન્ડર કમિટી રૂબરૂ ચર્ચા-પરામર્શ થયા બાદ નક્કી કરવામાં આવશે અને તે મુજબ જ કેન્ટીનની સેવાઓ પુરી પાડવાની રહેશે. અત્રેની કચેરીની પુર્વ મંજુરી વગર વસ્તુઓના ભાવોમાં કોઈ વધારો કરી શકાશે નહી.

૨૦ એજન્સીએ મંજુર થયેલ ભાવપત્રકના દરે ભોજન-અલ્પાહાર કે અન્ય આહારની સામગ્રી પુરી પાડવાની રહેશે અને સુવાચ્ય ભાવપત્રકનું બોર્ડ કેન્ટીન રૂમમાં પ્રસિદ્ધ કરવાનું રહેશે.

૨૧ એજન્સીએ કેન્ટીનના કારીગરોને પોતાના ખર્ચે સ્વચ્છ યુનીફોર્મમાં રાખવાના રહેશે તેમજ તેઓ નિરોગી તથા નિર્વ્યસની હોવા જોઇએ.

૨૨ કેન્ટીનના કચરાનો નીકાલ કોન્ટ્રાકટરે ઓફીસ સમય પહેલા અથવા ઓફીસ સમય પછી જાતે કરવાનો રહેશે. કેન્ટીન રૂમની આજુબાજુની જગ્યામાં હરહમેંશ સ્વચ્છતા અને ચોખ્ખાઇ રાખવાની રહેશે.

૨૩ કેન્ટીન રૂમની જગ્યા કરાર સમય દરમ્યાન ફક્ત વાપરવા માટે આપવામાં આવે છે, તેનાથી કેન્ટીન રૂમના કોન્ટ્રાકટરને ભાડુઆત તરીકેનો દરજ્જો કે હક્ક મળવાપાત્ર રહેશે નહી.

૨૪ કેન્ટીન રૂમમાં જોખમકારક વસ્તુઓ રાખવી કે સંગ્રહ કરવો નહી.

૨૫ કેન્ટીન રૂમમાં ફાયર સેફ્ટીની સુવિધા પ્રવર્તમાન નિયમ અનુસાર કોનટ્રાક્ટરે સ્વખર્ચ કરવાની રહેશે. ફાયર સેફ્ટીની સંપુર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૨૬ કેન્ટીનમાં સીસીટીવી કેમેરા લગાવવાની સુવિધા એજન્સીએ સ્વખર્ચે કરવાની રહેશે તેમજ કેન્ટીનમાં ટીવી, રેડીયો કે ટ્રાન્ઝીસ્ટરનો ઉપયોગ કરવાનો રહેશે નહી આમ છતાં જો ટીવી, રેડીયો કે ટ્રાન્ઝીસ્ટરના ઉપયોગની જરૂર કોન્ટ્રાક્ટરને જણાય તો પ્રિન્સીપાલ જજ સાહેબશ્રીની પૂર્વ મંજુરી લઇ ઉપયોગ કરી શકાશે અને તે મંજુરી અંગે પ્રિન્સીપાલ જજ સાહેબશ્રીનો નિર્ણય આખરી રહેશે.

૨૭ કેન્ટીન રૂમ રાખનારા કોન્ટ્રાક્ટરના માણસોએ કેન્ટીનરૂમમા આવનાર અધિકારીઓ, વકીલ મિત્રો, સ્ટાફ-કર્મચારીઓ તથા પક્ષકારો સાથે સભ્યતાથી વર્તવાનું રહેશે.

૨૮ કેન્ટીન કોર્ટના કામકાજના દિવસો દરમ્યાન સવારના ૭-૦૦ વાગ્યે ખોલી શકાશે અને રાત્રે ૭-૦૦ વાગ્યે બંધ કરવાની રહેશે, કેન્ટીન ચલાવવાનો સમય કોર્ટના કામકાજના દિવસો દરમ્યાન સવારના ૦૯-૩૦ થી સાંજના ૬-૩૦ કલાક સુધીનો છે. તે સિવાયના સમય દરમ્યાન કે જાહેર રજાના દિવસો દરમ્યાન કે રાત્રીના સમય દરમ્યાન કેન્ટીનમાં કોઈપણ વ્યકિત કે કારીગરને રહેવા દેવામાં આવશે નહી. કોવીડ (કોરોના)ની SOP ના આધારે સમય બદલવાનો અધિકાર નામદાર પ્રિન્સીપાલ જજ સાહેબને રહેશે.

૨૯ કોર્ટ કંપાઉન્ડમાં આવેલા ઝાડ-પાન કે બાગ-બગીચાઓને નુકશાન થાય તેવુ કોઇપણ કૃત્ય કરવું નહી.

૩૦ કોન્ટ્રાક્ટરના સમયગાળા દરમ્યાન માનવ સર્જીત કે કુદરતી કોઇપણ કારણોસર કેન્ટીન રૂમના માલ સામાન કે કોઇપણ કર્મચારીને કંઇપણ નુકશાન થાય તો તે અંગેની તમામ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે.

૩૧ ઉપરોક્ત શરતોમાં ઉલ્લેખ ન હોય છતા આ કચેરીને કેન્ટીન રૂમ માટે ભવિષ્યમાં યોગ્ય

જણાય તેવી શરતો/નિયમો કે હુકમ કરી શકશે અને તેનો અમલ કરવા કરવાનો રહેશે.

૩૨ અત્રેની કચેરીના નામદાર પ્રિન્સીપાલ જજ સાહેબશ્રી અથવા તો તેમના દ્વારા નિયુક્ત કરવામાં આવેલા પ્રતિનિધિ કોઇપણ સમયે કેન્ટીન રૂમ ની મુલાકાત લઇ શકશે તથા કેન્ટીનરૂમની સફાઇ કે તેમાં વપરાતી ચીજવસ્તુઓની ગુણવત્તા અંગે ચકાસણી કરી શકશે.

૩૩ કોન્ટ્રાકટર પોતાની ઇચ્છાથી કોન્ટ્રાક્ટ અડધેથી છોડવા માંગતા હોય તેવા સમયે કોન્ટ્રાકટર જે માસથી કોન્ટ્રાક્ટ છોડવા જણાવે તેના એક માસ અગાઉ લાયસન્સ ફી, એવરેજ લાઇટબીલ તથા વેરાબીલ એડવાન્સમાં જમા કરાવવાનું રહેશે.

૩૪ ઉપર જણાવેલ શરતો પૈકી કોઇપણ શરતનો ભંગ થયેથી અત્રેની કચેરીને યોગ્ય જણાય તેવી કાર્યવાહી કોન્ટ્રાકટર વિરુધ્ધ કરી શકશે.

૩૫ કોન્ટ્રાક્ટરનો સમય જે તારીખે પુરો થતો હોય તે તારીખે ઓફીસ સમય બાદ કોન્ટ્રાક્ટરે કેન્ટીન રૂમની જગ્યાનો કબજો સોંપવાનો રહેશે અને કેન્ટીનરૂમનો કબજો સોંપતા અગાઉ ચુકવવા પાત્ર તમામ રકમ ચુકતેથી ચુકવી દેવાની રહેશે.

૩૬ કરારના સમયગાળા દરમ્યાન કોન્ટ્રાકટરનું અવસાન થાય તો આ કરાર સમાપ્ત થયેલો ગણાવામાં આવશે અને તેના કાયદેસરના વારસદારોને આ કરાર ઉપર કોઇ હક્ક દાવો રહેશે નહી. આમ છતાં આ સંજોગોમાં કોન્ટ્રાક્ટરના કાયદેસરના વારસદારો કરારની બોલીઓ અને શરતો મુજબ નિયત ભાવોના ધોરણે આ કામગીરી ચાલુ રાખવા માંગશે તો અવસાન થયેથી ત્રણ માસ સુધી અથવા કોન્ટ્રાકટની મુદત પુરી થવાનો સમય બન્ને માંથી જે વહેલુ હશે તે મુજબ આ કામગીરી ચાલુ રાખવામાં આવશે. અને તે અંગે પ્રિન્સીપાલ જજ સાહેબશ્રીનો નિર્ણય આખરી રહેશે.

૩૭ કેન્ટીનના કોન્ટ્રોક્ટર પાસે કેન્ટીન બાબતના જરૂરી પ્રમાણપત્રો હોવા જોઇએ અને જયારે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અન્ય સરકારી અધિકારીઓ દ્વારા ચેકીંગ કરવામાં આવે ત્યારે કેન્ટીનમાં સ્વચ્છતા વિગેરે બાબતો ધ્યાનમાં રાખવાની જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે.

૩૮ કોન્ટ્રાકટરે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા કોરોના અંગેની ગાઇડલાઇન્સનું સુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૩૯ નામદાર ગુજરાત હાઇકોર્ટની કોરોનાને લગતી ગાઇડલાઇન્સ (SOP) મુજબ વધુ / અન્ય બીજો કાઇ હુકમ ન થાય ત્યાં સુધી કેન્ટીનમાં ફક્ત ચા, કોફી, સીલબંધ ફુડ પેકેટ્સ, સીલબંધ પાણીની બોટલનું જ વેચાણ કરવાનું રહેશે.

૪૦ જો AMC અથવા પોલીસ દ્વારા કોવીડ (કોરોના)ની ગાઇડલાઇન્સ ભંગ અંગેની કાર્યવાહી થાય તો તેની જવાબદારી કોન્ટ્રાક્ટરની રહેશે.

# CITY CIVIL AND SESSIONS COURT, AHMEDABAD
## PART–A
## TENDER APPLICATION FORM

| | | |
|---|---|---|
| 1 | A] Name of Contractor | |
| | B] Status of the Contractor<br>(Individual/Firm/Company/Other–specify) | |
| 2 | Contact Details | |
| | A] Full Postal Address : | |
| | B] E–mail ID : | |
| | C] Telephone/Mobile No. : | |
| 3 | Name and Address of your Bankers, stating the name in which account stands:<br>(copy of First page of bank passbook to be enclosed) | |
| 4 | A] Give Details of any Government Contracts executed during the last twelve months<br>(append extra page if necessary) | |
| | B] Details of experience of running the Zerox machine in reputed organization.<br><br>(proof of the same to be enclosed) | |
| 5 | Date of Birth (Individual) / Registration(Firm) / Incorporation (Company) –Documentary proof to be enclosed | |
| 6 | Details of relevant trade licence held<br>(Documentary proof to be enclosed) | |
| | A] Issue by : | |
| | B] Issue date and validity : | |

| | | |
|---|---|---|
| 7 | ESI Registration No | |
| 8 | Total no of Employees : | |
| 9 | Are you been the list of approved Contracts of any other Organtization/ Institution, if any give details (Append extra page if necessary) | |
| 10 | Any other information which you consider relevant | |

**PART-B**

**QUOTATION FOR MONTHLY RENT/LICENCE FEE**

| Amount of Monthly Rent / Licence Fee | |
|---|---|
| In Figurs | Rs.______________________________/- |
| In Words | Rupees_____________________________________<br>______________________________________Only |

Date : / /21

Place: Ahmedabad

Signature of the Tenderer:

Full Name :

Designation:

# કેન્ટીનમાં પીરસવાની વાનગી અને તેના ભાવોનું લીસ્ટ

| સી. નં. | વાનગીની યાદી | લઘુતમ માત્રા | ભાવ (રૂપીયામા) |
|---|---|---|---|
| ૧ | ચા | ૮૦ મી.લી | |
| ૨ | કોફી | ૮૦ મી.લી | |
| ૩ | બોર્ન વિટા | ૮૦ મી.લી | |
| ૪ | બટાકા વડા | ૧ પ્લેટ (૧૦૦ ગ્રામ) | |
| ૫ | મીક્ષ ભજીયા | ૧ પ્લેટ (૧૦૦ ગ્રામ) | |
| ૬ | ગોટા | ૧ પ્લેટ (૧૦૦ ગ્રામ) | |
| ૭ | સેવ ઉસળ | ૧ પ્લેટ (૧૦૦ ગ્રામ) | |
| ૮ | આલુ મટર સેન્ડવીચ | ૧ નંગ | |
| ૯ | વેજ સેન્ડવીચ | ૧ નંગ | |
| ૧૦ | ચીઝ સેન્ડવીચ | ૧ નંગ | |
| ૧૧ | ગ્રીલ સેન્ડવીચ | ૧ નંગ | |
| ૧૨ | ઇડલી | ૨ નંગ | |
| ૧૩ | મેંન્દુ વડા | ૧ પ્લેટ (૧૦૦ ગ્રામ) | |
| ૧૪ | પંજાબી સમોસા | ૧ નંગ | |
| ૧૫ | કચોરી | ૧ નંગ | |
| ૧૬ | પાસ્તા | ૧ પ્લેટ (૧૦૦ ગ્રામ) | |
| ૧૭ | બટાકા પૌવા | ૧ પ્લેટ (૧૦૦ ગ્રામ) | |
| ૧૮ | આલુ પરોઠા | ૧ નંગ | |
| ૧૯ | ઉપમા | ૧ પ્લેટ (૧૦૦ ગ્રામ) | |
| ૨૦ | પ્લેન ઢોસા | ૧ નંગ | |
| ૨૧ | મસાલા ઢોસા | ૧ નંગ | |
| ૨૨ | ઉત્તપ્પમ | ૧ નંગ | |
| ૨૩ | ખમણ | ૧ પ્લેટ (૧૦૦ ગ્રામ) | |
| ૨૪ | ભેળ | ૧ પ્લેટ (૧૦૦ ગ્રામ) | |

| | | | |
|---|---|---|---|
| ૨૫ | પરોઠા શાક | ૧૫૦ ગ્રામ શાક તથા ૩ પરોઠા | |
| ૨૬ | પુરી શાક | ૧૫૦ ગ્રામ શાક તથા ૪ પુરી | |
| ૨૭ | ફીક્સ લંચ (થાળી) | ૨ શાક (૧૦૦ ગ્રામનું એક), ૪ રોટલી(૩૦ ગ્રામની એક), દાળ (૧૦૦ મી.લી.), ભાત(૧૦૦ ગ્રામ), છાસ (૧૦૦ મી.લી.) પાપડ (નંગ ૧) | |
| ૨૮ | દાળ/ભાત | ૧ પ્લેટ (૨૦૦ ગ્રામ) | |
| ૨૯ | જ્યુસ / મીલ્ક શેક | ૧૦૦ મી.લી. | |
| ૩૦ | ફરાળી ચેવડો | ૧ પ્લેટ (૧૦૦ ગ્રામ) | |
| ૩૧ | ભાજી પાંવ | ૧ પ્લેટ ભાજી (૨૦૦ ગ્રામ) તથા ૪ પાંઉના પીસ | |
| ૩૨ | વેજ પુલાવ | ૧ પ્લેટ (૨૦૦ ગ્રામ) | |
| ૩૩ | બ્રેડ પકોડા | ૧ પ્લેટ (૧૦૦ ગ્રામ) | |
| ૩૪ | બફ વડા | ૧ પ્લેટ (૧૦૦ ગ્રામ) | |
| ૩૫ | સાબુદાણાની ખીચડી | ૧ પ્લેટ (૧૦૦ ગ્રામ) | |
| ૩૬ | પાપડી | ૧ પ્લેટ (૧૦૦ ગ્રામ) | |
| ૩૭ | પફ | ૧ નંગ | |
| ૩૮ | દાબેલી | ૧ નંગ | |
| ૩૯ | વડાપાંવ | ૧ નંગ | |
| ૪૦ | બ્રેડ બટર | ૧ નંગ | |
| ૪૧ | મસ્કાબન | ૧ નંગ | |
| ૪૨ | ખારી / બિસ્કીટ | ૧ પ્લેટ (૧૦૦ ગ્રામ) | |
| ૪૩ | ગાંઠીયા | ૧ પ્લેટ (૧૦૦ ગ્રામ) | |
| ૪૪ | મીનરલ વોટર બોટલ, વેફર્સ, બીસ્કીટ, ફરસાણ વિગેરેના **સીલ બંધ પેકેટ** | છાપેલી કિંમત **(MRP)** થી વધુ નહી | |

**નોંધ– વાનગીના પેટા પ્રકારમાં જ્યાં જરૂર જણાય ત્યાં લઘુત્તમ માત્રાને ધ્યાને લઇ તે અંગેના જરૂરી ભાવો અલગ–અલગ દર્શવવા**

**(દા.ત. સીરીયલ. નં. ૨૯ માં જણાવેલ વાનગી જ્યુસ ના પેટા પ્રકાર તરીકે મોસંબી જ્યુસ, પાઇનેપલ જ્યુસ, વિગેરેના ભાવ અલગ–અલગ દર્શાવવા)**

ઉપર જણાવેલ શરતો પૈકી કોઈપણ શરતનો અથવા વાનગીના લઘુત્તમ માત્રા જાળવવામાં ભંગ થયેથી કોન્ટ્રાક્ટરએ દિવસ દીઠ રકમ રૂ. ૧૦૦-૦૦ (અંકે રૂપિયા એક સો પુરા) દંડ ભરવાનો રહેશે અને અત્રેની કચેરીને વ્યાજબી જણાય તો આ કોન્ટ્રાક્ટ રદ કરવાની સત્તા રહેશે.

તા.      /          /૨૦૨૧

--------------------------

એજન્સીનુ નામ અને સહી